RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY
R.C.C.I.
Since 1954

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા બજારમાં રૂા.૧૦ ના સિક્કાની લેવડ-દેવડ કરવા તમામ વેપારીવર્ગોને ખાસ અપીલ...

હાલમાં રૂા.૧૦ની નોટની બજારમાં ખુબ જ સોર્ટેજ જોવા મળી રહી છે તેમજ રૂા.૧૦ની રદી નોટોના કારણે શહેરના વેપારી વર્ગોને ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે. ત્યારે આ અછતને દુર કરવા રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા રૂા.૧૦ના સિક્કાનું ચલણ અમલીકરણ કરેલ જ છે. જેથી નાના-મોટા તમામ વેપારી વર્ગને કોઈપણ જાતની મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે.

આમ રાજકોટ-સૌરાષ્ટ્રના તમામ નાના મોટા વેપારીવર્ગમાં રૂા.૧૦ ના સિક્કા ન લેવા અને બજારમાં ચાલતા ન હોવાની અફવાઓ ફેલાઈ રહી છે. જેથી ખુબ જ હાલાકી પડી રહી છે. તેથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા શહેરના તમામ નાના-મોટા વેપારીવર્ગને રૂા.૧૦ ના સિક્કાની લેવડ-દેવડ કરવા અને સહકાર આપવા ખાસ અનુરોધ કરવામાં આવે છે. વધુમાં રૂા.૧૦ સિક્કા લેવાનો કોઈપણ બેન્ક ઈન્કાર કરે તો રિઝર્વ બેન્કના નિયમોનું ઉલ્લંઘન થયેલ હોય તેવું માની શકાય તેથી આ બાબતે જો કોઈ બેન્ક ઈન્કાર કરે તો રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

આમ હાલાની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યામાં રાખી તમામ વેપારીવર્ગો-શાકભાજીવાળા અને કરિયાણાવાળા વિગેરેએ રૂા.૧૦ના સિક્કાની લેવડ-દેવડ કરવી તેમજ બજારમાં રૂા.૧૦ના સિક્કા ચલણમાં નથી તેવી અફવાઓથી દુર રહેવા અનુરોધ કરવામાં આવે છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.